શૈક્ષણિક કેલેન્ડર જાહેર

વર્ષ ૨૦૨૪-૨૫ માં કુલ ૨૪૩ દિવસ શિક્ષણ કાર્યના: ૫૬ દિવસનું વેકેશન

જામનગર તા. ૯: રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષનું કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ૨૪૬ દિવસ શિક્ષણ કાર્યના રહેશે.

પ્રથમ શૈક્ષણિક સત્ર ૧૩ જૂન ૨૦૨૪ થી ૨૭-૧૦-૨૦૨૪ સુધીનું રહેશે. જેમાં ૧૦૮ દિવસ શૈક્ષણિક વર્ષના કાર્યના રહેશે ત્યારપછી ૨૮ ઓક્ટોબરથી ૧૭ નવેમ્બર સુધી ૨૧ દિવસનું દિવાળી વેકેશન રહેશે. ત્રીજા શૈક્ષણિક સત્રનો ૧૮ નવેમ્બર ૨૦૨૪ થી પ્રારંભ થશે. જે ૪ મે ૨૦૨૫ સુધી ચાલશે. એટલે કે બીજી શૈક્ષણિક સત્રમાં ૧૩૫ દિવસ શિક્ષણ કાર્યના રહેશે, જ્યારે ૫-૫-૨૦૨૪ થી ૮-૬-૨૦૨૫ સુધી એટલે કે ૩૫ દિવસ ઉનાળુ વેકેશનના રહેશે.

રજાઓ જોઈએ તો દિવાળી વેકેશન ૨૧ દિવસ, ઉનાળુ વેકેશન ૩૫ દિવસ, જાહેર રજા ૧૮ દિવસ, સ્થાનિક રજાઓ ૬ મળી કુલ ૮૦ રજાનો સમાવેશ થાય છે.

॥ રોકાણકારોની શ્રધ્ધા અટૂટ અને વિશ્વાસનું પ્રતિક ॥
ઈન્વેસ્ટમેન્ટ પ્રોફાઈલર
Stock Market Trading Consultancy
www.nikhilbhatt.in
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

નિફ્ટી ફ્યુચર ૨૪૨૪૦ પોઈન્ટ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો.... ચાલુ સપ્તાહના બીજા દિવસે બુધવારે શેરબજારનું કામકાજ તેજ ગતિથી શરૂ થયું છે.સેન્સેક્સ ૨૪૪ પોઈન્ટ વધીને ૮૦૧૯૦ પોઈન્ટ ઉછાળા પર છે જ્યારે નિફ્ટી ફ્યુચર ૫૫ પોઈન્ટ વધીને ૨૪૪૩૦ પોઈન્ટ પર છે., જ્યારે બેન્ક નિફ્ટી ફ્યુચર ૮૦ પોઈન્ટ વધીને ૫૨૬૪૫ પોઈન્ટ પર છે.શેરબજારની શરૂઆતની કામગીરીમાં નિફ્ટીના તમામ ક્ષેત્રીય સૂચકાંકો લીલા નિશાનમાં કામ કરી રહ્યા હતા,નિફ્ટી ફાર્મા ઈન્ડેક્સમાં થોડો ઘટાડો નોંધવામાં આવી રહ્યો હતો.એશિયન શેરબજારોમાં શરૂઆતી કારોબારમાં સારી ગતિ જોવા મળી હતી.

ચોમાસાની સારી પ્રગતિ અને કોર્પોરેટ પરિણામોની જૂન ૨૦૨૪ના અંતની સીઝન શરૂ થવાની તૈયારી સાથે કેન્દ્રિય બજેટ ૨૩, જુલાઈના રજૂ થનારૂ હોઈ શેરોમાં ઈન્ડેક્સ બેઝડ તેજીની વોલેટીલિટીના અંતે વિરામ આપવામાં આવ્યો હતો. ઓટો મોબાઈલ શેરોમાં આજે મિશ્ર ટ્રેન્ડ જોવાયો હતો. ઓઈલ-ગેસ શેરોમાં આજે ફંડોની પસંદગીની સતત મોટી ખરીદી રહી હતી. ચોમાસાની સારી પ્રગતિ પાછળ આજે ફંડોએ એફએમસીજી કન્ટલાઈન શેરોમાં પસંદગીનું વેલ્યુબાઈંગ કર્યું હતું. સ્મોલ, મિડ કેપ શેરોમાં આજે ફંડો, હાઈ નેટવર્થ ઈન્વેસ્ટરોએ સંખ્યાબંધ શેરોમાં ઉછાળા સાથે માર્કેટબ્રેડથ પોઝીટીવ બની હતી.

શેરબજારના પ્રારંભિક કારોબારમાં એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક,હિન્દાલ્કો,લાર્સેન,ગ્લેનમાર્ક ફાર્મા, ટાટા મોટર્સ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, કોટક મહિન્દ્રા બેંક, વિપ્રો, એશિયન પેઈન્ટ્સ મઝગાંવ ડોક, ગાર્ડન રીચ, મન્નાપુરમ ફાઈનાન્સ, ઈન્ફોસીસ, ભારત ડાયનેમિક્સ, ટીસીએસના શેરમાં પ્રારંભિક વધારો જોવા મળી રહ્યો છે. જ્યારે ગ્રાસીમ, ટેક મહિન્દ્રા,લ્યુપીન,ઈન્ફોસીસ,સન ફાર્મા, પીએનબી હાઉસિંગ,અમરા રાજા બેટરીઝ, સિપ્લા, શ્રીરામ ફાઈનાન્સ, ડોક્ટર રેડીઝ, એચયુએલના શેર શરૂઆતના ટ્રેડિંગ દરમિયાન ઘટતા જોવા મળી રહ્યા છે.

વૈશ્વિક શેરબજારની વાત કરીએ તો ગઈકાલે અમેરિકન માર્કેટમાં ડાઉ જોન્સ ૦.૧૪%ના ઘટાળા સાથે બંધ રહ્યો હતો. જ્યારે એસ એન્ડ પી ૫૦૦ ૦.૦૬% વધીને અને નેસ્ડેક ૦.૨૭% વધીને સેટલ થયા હતા.બીએસઈ પર મીડકેપ ઈન્ડેક્સ ૦.૫૨% અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૫૫% વધીને ટ્રેડ થઈ રહ્યા હતા.

બીએસઈમાં સવારે ૧૦ કલાકે કુલ ટ્રેડીંગ થયેલી ૩૨૦૩ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૧૦૧૫ અને વધનારની સંખ્યા ૨૦૬૮ રહી હતી,૧૨૦ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૫૭ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૧૩૮ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

બજારની ભાવિ દિશા.... મિત્રો, આંતરરાષ્ટ્રીય સ્તરે હવે મંગળવારે યુ.એસ. ફેડરલ રિઝર્વના ચેરમેન પોવેલની ટેસ્ટીમની થનાર હોવા પર નજર સાથે ચાઈનાના ફુગાવાના જૂન મહિનાના બુધવારે જાહેર થનારા આંક યુ.કે.ના મે મહિનાના જીડીપી વૃદ્ધિના ગુરૂવારે જાહેર થનાર આંક, અમેરિકાના ફુગાવાના આંક સહિતની વૈશ્વિક બજારો પર અસર થશે. વૈશ્વિક બજારોથી વિપરીત ભારતીય શેર બજારોમાં અત્યારે નિરંતર વિક્રમી તેજી જોવાઈ રહી છે. ફરી ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો ભારતમાં શેરોમાં મોટાપાયે ખરીદદાર બન્યા છે.ચોમાસાની પ્રગતિ સારી રહી હોવા સાથે ૨૩, જુલાઈ ૨૦૨૪ના રજૂ થનારા પૂર્ણ કેન્દ્રિય બજેટમાં વિવિધ વર્ગના લોકો માટે પ્રોત્સાહનો, રાહતોની અપેક્ષા અને વધુને વધુ લોકોને લાંબાગાળાના ઈન્વેસ્ટર બનાવવાની અને એના થકી ભારતની ગ્રોથ સ્ટોરીમાં જોડવાની દિશામાં આ વખતે જોગવાઈ થવાની સંભાવના બતાવાઈ રહી છે.

એમસીએક્સ ગોલ્ડ : ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે જુન ગોલ્ડ રૂ. ૭૩૦૩૮ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂ.૭૩૦૬૮ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ.૭૨૧૩૦ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૭૦૮ પોઈન્ટના ઘટાળા સાથે રૂ.૭૨૩૪૩ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

એમસીએક્સ સિલ્વર : ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે જુલાઈ સિલ્વર રૂ.૯૩૨૯૫ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂ.૯૩૮૮૮ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ.૯૨૦૫૦ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૯૨૫ પોઈન્ટના ઉછાળા સાથે ૯૨૬૩૧ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

હવે જોઈએ ભારતીય શેરબજારની આગામી ટ્રેડીંગ સંદર્ભે સ્ટોક સ્પેશીફીક અંદાજીત રુખ

ઓરબીન્દો ફાર્મા (૧૨૬૮) : ફાર્મા ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૨૮૦ આસપાસ ટ્રેડીંગ થતો આ સ્ટોક રૂ.૧૨૭૨ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૩૧૩ થી રૂ.૧૩૨૧ સુધી તેજી તરફી ધ્યાન...!!!

ટાટા કેમિકલ (૧૦૬૮) : ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૦૮૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂ.૧૦૭૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૧૦૮ થી રૂ.૧૧૧૮ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!

જીન્દાલ સ્ટીલ (૧૦૪૦) : ૧૦૨૮ નો પ્રથમ તેમજ રૂ.૧૦૧૮ ના સ્ટીલ સેક્ટર રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૦૫૧ થી રૂ.૧૦૬૧ સુધીની તેજી તરફી રુખ નોંધાવશે...!!!

રામકો સિમેન્ટ (૮૦૧) : સિમેન્ટ સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ. ૮૦૮ થી રૂ. ૮૧૮ ના ભાવની સંભાવના ધરાવે છે!! અંદાજીત રૂ.૭૯૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!

વિપ્રો (૫૪૦) : રૂ. ૦૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૧૫ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક કમ્પ્યુટર્સ - સોફ્ટવેર અને કન્સલ્ટિંગ ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૫૫૦ થી રૂ.૫૬૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ...!!!

લેખક સેબી રજીસ્ટર્ડ રિસર્ચ એનાલીસ્ટ અને ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટના પ્રોપરાઈટર છે.

ખાસ નોંધ: ડિસ્કલેમર/પોલિસી/શરતો www.nikhilbhatt.in ને આધીન

આપની આવતીકાલ

જ્યોતિષી: ઋષિ બટુકભાઈ શાસ્ત્રી, મો. ૯૮૯૮૬ ૬૦૮૮૪

મેષ (અ-લ-ઈ) — આપ ઠરો-ઠરો, કામકાજ કરો. પરંતુ આપના હૃદય-મનને શાંતિ-રાહત જણાય નહીં. ઉતાવળ કરવી નહીં. શુભ રંગ: લીલો | શુભ અંક: ૧-૬

વૃષભ (બ-વ-ઉ) — આપની બુદ્ધિ-અનુભવ-આવડત-મહેનતથી આપના કામનો ઉકેલ લાવી શકો. સંતાનના પ્રશ્ને ચિંતા-ખર્ચ જણાય. શુભ રંગ: મોરપીંછ | શુભ અંક: ૫-૩

મિથુન (ક-છ-ઘ) — આપના કાર્યની સાથે બીજુ કામ આવી જતા અન્ય સહકર્મીનું કામ આવી જતા આપના દોડધામ-શ્રમમાં વધારો થાય. શુભ રંગ: સફેદ | શુભ અંક: ૨-૯

કર્ક (ડ-હ) — આપના કામમાં વ્યસ્ત રહીને દિવસ પસાર કરી શકો. રાજકીય-સરકારી કામમાં આપને સાનુકૂળતા મળી રહે. શુભ રંગ: વાદળી | શુભ અંક: ૪-૭

સિંહ (મ-ટ) — દિવસ પસાર થતો જાય તેમ આપને બેચેનીનો અનુભવ થાય. નાણાકીય લેવડ-દેવડમાં સાવધાની રાખવી. શુભ રંગ: રૂ | શુભ અંક: ૧-૮

કન્યા (પ-ઠ-ણ) — નોકરી-ધંધાના કામકાજ અંગે બહાર કે બહારગામ જવાનું થાય. પરદેશના કામકાજ અંગે મિલન-મુલાકાત થાય. શુભ રંગ: મરૂન | શુભ અંક: ૨-૫

તુલા (ર-ત) — દિવસના પ્રારંભથી જ આપે સતત કોઈને કોઈ કામમાં વ્યસ્ત રહેવાનું થાય. જમીન-મકાનના સાનુકૂળતા રહે. શુભ રંગ: પીળો | શુભ અંક: ૩-૬

વૃશ્ચિક (ન-ય) — આપના કાર્યમાં આકસ્મિક સાનુકૂળતા મળે. કામનો ઝડપથી ઉકેલ લાવી શકો. વાણીની મીઠાશથી લાભ જણાય. શુભ રંગ: ક્રીમ | શુભ અંક: ૨-૫

ધનુ (ભ-ધ-ફ-ઢ) — આપની ગણતરી-ધારણા પ્રમાણેનું કામકાજ ન થવાથી ચિંતા રહે. કોર્ટ-કચેરીના કામમાં સાવધાની રાખવી. શુભ રંગ: બ્લુ | શુભ અંક: ૧-૬

મકર (ખ-જ) — માનસિક પરિતાપ-વ્યગ્રતા છતાં આપના કામમાં વ્યસ્ત રહો. વિચારોની દ્વિધા-અસમંજસતા અનુભવાય. શુભ રંગ: ગ્રીન | શુભ અંક: ૪-૭

કુંભ (ગ-શ-ષ-સ) — નાણાકીય વ્યવહારના કામકાજમાં આપને સાનુકૂળતા મળી રહે. સીઝનલ ધંધામાં આકસ્મિક ઘરાકી આવે. શુભ રંગ: ગુલાબી | શુભ અંક: ૩-૭

મીન (દ-ચ-ઝ-થ) — આપના કામની પ્રસંશા થવાથી આપનો કામ કરવાનો ઉત્સાહ વધે. સંયુક્ત ધંધામાં ભાઈ-ભાંડુનો સહકાર રહે. શુભ રંગ: ઠંડકી | શુભ અંક: ૨-૮

આવતીકાલનું પંચાગ

સૂર્યોદય : ૬-૧૧ સૂર્યાસ્ત : ૭-૩૪

દિવસના ચોઘડીયા
(૧) લાભ (૨) અમૃત (૩) કાળ (૪) શુભ (૫) રોગ (૬) ઉદ્વેગ (૭) ચલ (૮) લાભ

રાત્રિના ચોઘડીયા
(૧) ઉદ્વેગ (૨) શુભ (૩) અમૃત (૪) ચલ (૫) રોગ (૬) કાળ (૭) લાભ (૮) ઉદ્વેગ

વિક્રમ સંવત: ૨૦૮૦, અષાઢ સુદ-૪ : તા. ૧૦-૦૭-૨૦૨૪, બુધવાર
જૈન સંવત: ૨૫૫૦, ચાતુર્માસ: ૧૬૪૬, સૂર્યાબ્દ : ૫૧૨૬, પારસી રોજ : ૩૦, મુસ્લિમ રોજ: ૩, નક્ષત્ર: મઘા, યોગ: વ્યતિપાત, કરણ: ભદ્ર

જન્મેલાનું વર્ષફળ

તા. ૧૦ - જુલાઈના દિવસે

આ સમયમાં નોકરી-ધંધા-વ્યવસાય બાબતે આપની ગણતરી-ધારણા પ્રમાણેના કામકાજ થઈ શકે નહીં. સરકારી-ખાતાકીય કાર્યવાહીમાં તકેદારી રાખવી પડે. આરોગ્ય બાબતે સમય નરમ-ગરમ બની રહે. યાત્રા-પ્રવાસનું આયોજન શક્ય બને. ઘર-પરિવારના સભ્યોનો સાથ-સહકાર મળી રહે. નાણાકીય સ્થિતિમાં સુધાર જણાય.

બાળકની રાશિ: સિંહ

જામનગરના સર્જકની અનોખી ફિલ્મ:

'પેરેડાઈઝ રીટ્રેસ': 'ધરતી કે સ્વર્ગ મેં ફિર એકબાર'

જામનગર તા. ૯: જામનગરમાં કોર્પોરેટ કંપનીઓની ફિલ્મ બનાવવાના નિષ્ણાત, ટેબલ ટેનિસના ખેલાડી, યુથ હોસ્ટેલ્સના સક્રિય સભ્ય એવા કેતનભાઈ કનખરાએ તેમણે ૧૯૮૭ અને ત્યારપછી તાજેતરમાં ૨૦૨૪ માં જમ્મુ-કાશ્મીરના પ્રવાસમાં બન્ને તબક્કામાં ત્યાં થયેલા માહોલમાં આમૂલ પરિવર્તનને દર્શાવતી એક અનોખી ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવી છે.

૧૯૮૭માં કાશ્મીર અને ૨૦૨૪માં કાશ્મીરના માહોલને દર્શાવતી ડોક્યુમેન્ટરી ફિલ્મ

આ ફિલ્મ વિશે અને તેના નિર્માણ અંગે વિગતો આપવા તથા આમંત્રિતો સમક્ષ એક કલાકથી આ ફિલ્મ દર્શાવવાનો કાર્યક્રમ પત્રકારો સાથે યોજાયો હતો.

જેમાં કેતનભાઈ કનખરાના જણાવ્યા પ્રમાણે તેમણે ૨૦૦૪ માં મીડિયા ક્ષેત્રે કોર્પોરેટ કંપનીઓની ફિલ્મ બનાવવા સાથે પદાર્પણ કર્યું હતું. આ ઉપરાંત નાની ડોક્યુમેન્ટરી, યુપીએડ, અન્ય જાહેરાતોનો વ્યવસાય કરતા હતાં.

તનુજ મીડિયા અને એક્ટીઓમ મીડિયાના સંયુક્ત ઉપક્રમે એક અનોખી ડોક્યુમેન્ટરી બનાવી, જે અંગે તેમણે જણાવ્યું કે ૧૯૮૭ માં લેહ, લદ્દાખ અને કાશ્મીરનો પ્રવાસ કર્યો હતો.

આ યાદગાર સફરમાં એમણે શ્રીનગર તથા એની આસપાસના વિસ્તારોમાં પરિભ્રમણ કર્યું હતું. એ સમયે શ્રીનગરમાં ભારત-પાકિસ્તાન મેચ વખતે જે અલગાવવાદનો પ્રજાકીય માહોલ જોઈને હતપ્રત થઈ ગયા હતાં. કદાચ એ ઘટના એ એમની રાષ્ટ્રીય એકતાની સમજ અને સાર્વભોમત્વના રાષ્ટ્રીય ભાવને ઉજાગર કર્યો હતો.

એક એ પણ સમય હતો. પછી અનેક વહેણો પસાર થઈ ગયા. દેશની ને સમાજની પરિસ્થિતિ પણ બદલાઈ, સરકારો પણ બદલાઈ અને કાશ્મીરનો એક વિશિષ્ટ દરજ્જો પણ સમાપ્ત થઈ ગયો. નવું વાતાવરણ સર્જાયું.

આ પછી ફરીને કેતનભાઈ આ વર્ષ ૨૦૨૪ માં કાશ્મીરના પ્રવાસે ગયા, અને વાતાવરણમાં એક નવી જ ચેતનાનો પ્રવાહ અનુભવ્યો, જે નવા પરિવેશનો અનુભવ થયો તેને એમણે વ્યક્ત કરવા માટે એક સફરનામા જેવી ફિલ્મનું સર્જન કર્યું. યાત્રા અનુભવ કહેવાય એવી આ ફિલ્મમાં બે સમયની વાતને સહોપસ્થિતિ રૂપે રજૂ કરવાની એમને ઈચ્છા થઈ. એના પરિણામે સર્જાઈ 'પેરેડાઈઝ રીટ્રેસ'. આ ફિલ્મ અંગ્રેજીમાં અને તેની હિન્દી આવૃત્તિ 'ધરતી કે સ્વર્ગ મેં ફિર સે એક બાર'.

આમ તો આ ફિલ્મ એ એક નિજી યાત્રા અનુભવનું સંભારણું છે. પણ તે સાથે બે સમયની વાત પણ સરસ રીતે દર્શાવે છે. સમગ્ર ફિલ્મ આમ તો વન મેન શો જેવી છે. એટલે કે ફિલ્મના સમગ્ર ટેકનિકલ પાસાઓ કેતન કનખરા દ્વારા સર્જાયા છે, અને પ્રત્યેક ઘટકને એમણે પૂરતું ધ્યાન આપીને તૈયાર કરેલા છે. ફિલ્મની ફોટોગ્રાફી અત્યંત નયનરમ્ય છે એટલે કાશ્મીરનું સૌંદર્ય દર્શકોને પ્રભાવિત કરે એવું આહ્લાદક છે. જામનગર જેવા નાનકડા શહેરમાં જ રહીને દૃશ્ય-શ્રાવ્ય કળાની એક માતબાર સિનેમાની તમામ ટેકનિકલ બાબતોને હસ્તગત કરીને તૈયાર કરેલી આ ફિલ્મ લોકોને પસંદ આવે એવી છે.

આ કાર્યક્રમમાં અમદાવાદથી ફીલ્મ સમીક્ષક અભિજીત વ્યાસ, મુંબઈથી ડો. પંકજભાઈ ભાનુશાળી, ઉર્મિલભાઈ શાહ, હિતેનભાઈ કનખરા તનુજભાઈ કનખરા, પ્રણવભાઈ નંદા તેમજ આમંત્રિતોમાં જામનગરના અગ્રણીઓ, ભાજપના હોદ્દેદારો, મેયર, ડે. મેયર વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

આ તબક્કે કેતનભાઈએ આગામી દિવસોમાં ૧૯૦૭ સમયના જામનગરને કેન્દ્રસ્થાને લઈને ડોક્યુમેન્ટરી બનાવવાની જાહેરાત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન લલિતભાઈ જોષીએ કર્યું હતું.

ઓટીટી પર ટ્રેક સમયમાં રિલીઝ થશે: હવે પછી વર્ષ ૧૯૦૭ના જામનગરના વિષય સાથે બનાવી રહ્યા છે ડોક્યુમેન્ટરી માહોલને દર્શાવતી ડોક્યુમેન્ટરી ફિલ્મ

સર્વ જ્ઞાતિના વિદ્યાર્થીઓને મળ્યો લાભ:

જામનગરમાં શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ દ્વારા રાહત દરે ચોપડા વિતરણ

જામનગર તા. ૯: જામનગરમાં શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ જામનગર દ્વારા નવા શૈક્ષણિક સત્રના આરંભે સર્વ જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે રાહત દરે ફૂલસ્કેપ ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ત્રણ દિવસ શહેરના જુદા જુદા વિસ્તારમાં સંસ્થા દ્વારા રાહત દરે ચોપડા વિતરણ કરવામાં આવ્યા હતાં. સર્વ જ્ઞાતિના હજારો વિદ્યાર્થીઓને કુલ ૧૫ હજાર કરતા પણ વધુ ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

વર્તમાનમાં ભણતરનો ખર્ચ સામાન્ય લોકોના બજેટ પર ભારે હોય શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ દ્વારા રાહત દરે ચોપડા વિતરણ કરી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓને સહાયરૂપ થયા હતા એમ કહી શકાય.

આ સેવા યજ્ઞને સફળ બનાવવા માટે સંસ્થાના કેતનભાઈ ભટ્ટ, સુનિલભાઈ જોશી, જયદિપભાઈ રાવલ, સિમિતાભાઈ રાવલ, કિરીટભાઈ ઠાકર, વિરલભાઈ ત્રિવેદી, નિશાબેન અસ્વાર, મનિષબેન ઠાકર, હીનાબેન ઠાકર, મનીષાબેન જોશી, અર્ચનાબેન જોશી, બીનાબેન દવે, વિદ્યાબેન મહેતા, ચંદ્રાવલીબેન જોશી, રાજેશભાઈ ઠાકર, જાંબ્બાલી રાવલ, રાજુભાઈ વ્યાસ, કનુભાઈ રાજયગુરૂ, વિમલભાઈ મહેતા, પ્રણવભાઈ રાવલ, મૌલિકભાઈ શુકલ, કેતનભાઈ જોશી, કપિલ રાવલ વગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં

સિંચાઈ વિભાગના અધિકારીઓ સાથે પ્રભારી મંત્રીની યોજાઈ સમીક્ષા બેઠક

જામનગર તા. ૯: રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના કેબિનેટ મંત્રી અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રભારી મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ કલેક્ટર કચેરીમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના સિંચાઈ વિભાગના સંબંધિત અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. બેઠકમાં મંત્રીએ જિલ્લાના સિંચાઈ વિભાગ હસ્તક ચાલતી કામગીરી અંગે માહિતી મેળવી જરૂરી માર્ગદર્શન આપીને તાકીદે કામગીરી પૂર્ણ કરવા સૂચના આપી હતી.

અર્ક — માણસ તો જોઈએ તેટલા મળે છે, પરંતુ જોઈએ તેવા ભાગ્યે જ મળે છે.

શબ્દવ્યૂહ ૬૦૦૮



આડી ચાવી

૧. કાયર, ડરપોક -------(૩
૩. મૃદુ, કોમળ, મુલાયમ --(૩
૭. શરીરમાં રહેલું ચેતનતત્ત્વ----------(૨
૮. ટીપું, બિંદુ ----------(૩
૧૧. ચર્ચી----------(૧
૧૨. ઘોડાના જીન નીચે રખાતી આવતી ઊનની ગાદી --(૧
૧૪. મજહબ ----------(૨
૧૫. ધન્ય, સુખી----------(૩
૧૭. ગજવું ----------(૨
૧૮. શેકવાથી ફૂટેલા અનાજના દાણા-------(૨
૨૦. ગુજરાતી મૂળાક્ષરોનો પચ્ચીસમો વ્યંજન------(૧
૨૨. ઝડપથી ઘસી કે દોડી જવું તે ----------(૪
૨૩. નકરાત્મક વિધાનસભામાં લેશમાત્ર, જરાપણ ----(૪

ઊભી ચાવી

૨. છળ----------(૩
૪. સાવજ ----------(૨
૫. વંશાવલીની ચાદી રાખવાનો વ્યવસાયી ---(૩
૬. અઠંગ ----------(૨
૯. શાબાશી, બીજાનું ભલું કરવું તે ----------(૪
૧૦. શોધખોળ ----------(૪
૧૩. સૂંઘવાની તમાકુ-------(૩
૧૬. બોલવાની કે લખવાની ઢબ----------(૨
૧૯. સર્જનહાર, પરમાત્મા --(૨
૨૧. કાપડ કે પોશાકની ઝૂલતી કોર----------(૨

આડી ચાવી: (૨) મતા (૩) ત (૫) નિયત (૭) સરળ (૯) શાબાશી (૧૦) ભા (૧૧) સંદેહ (૧૨) ખ્વાબ (૧૫) દો (૧૮) અદા (૧૯) જન્મભોમકા (૨૧) ણ (૨૨) રણ (૨૩) અંત

ઉકેલ કોયડા નં. ૬૦૦૬

ઊભી ચાવી: (૧) કણ (૨) મઠો (૪) ઘાયલ (૬) કબાટ (૮) રણાદે (૧૧) સંઘ (૧૩) બદદાનત (૧૪) દીક્ષિત (૧૬) વીજ (૧૭) ખમણ (૨૦) ભોર

એક વૃદ્ધાએ જીવ ગુમાવ્યા પછી ફરીથી તંત્ર જાગ્યુ!

ખંભાળીયામાંથી ખૂંટીયાઓને ખસેડવા ખાસ વ્યવસ્થાનું આયોજન: ગૌશાળાઓ આપશે સહયોગ

ખંભાળીયા તા. ૯: ગૌશાળાઓના સહયોગથી ખંભાળીયામાં રખડતા ખુંટીયા અંગે ફરી પાછું પાલિકા તથા વહીવટી તંત્ર દ્વારા આયોજન કરાયું છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયામાં રખડતા ઢોર અને ખાસ કરીને ખૂંટીયાના ત્રાસથી તથા તેમના હુમલા અને મારથી મૃત્યુ સહિતના બનાવો બન્યા હોય ખંભાળીયા ડે. કલેક્ટર કે.કે. કરમટા તથા પાલિકા ચીફ ઓફિસર ભરતભાઈ વ્યાસ તથા પાલિકા સેનીટેશન વિભાગના સંજયભાઈ કરમૂર, રાજપારભાઈ ગઢવી, કિશોરસિંહ સોઢા વિગેરેના પ્રયાસોથી ખંભાળીયા પંથકમાં પહેલી વખત ૬૦ જેટલા ખુંટીયા પકડીને ગૌશાળા તથા ઢોરવાડામાં મોકલવામાં આવ્યા હતા તથા આરાધના ધામ હાલાર ગૌશાળા ઓશવાળ સંસ્થા દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. જે પછી ફરી રખડતા ઢોરના પ્રશ્ન ઉભો થતાં તથા તાજેતરમાં ખંભાળીયામાં મહાપ્રભુજી બેઠક પાસે એક સતવારા વૃદ્ધાનું ખુંટીયાના હુમલામાં મોત થતા ફરી રેવન્યુ તથા પાલિકા તંત્ર હરકતમાં આવ્યું છે.

ડે. કલેક્ટર કરમટા તથા ચીફ ઓફિસર ભરતભાઈ વ્યાસ દ્વારા આરાધનાધામ ગૌશાળા, મોવાણ ગૌશાળા તથા અન્યોના સૌજન્યથી રખડતા ખુંટીયા તથા બીમાર અને મોટી ઉંમરની ગાયો તથા નબળી ગાયોને પણ ત્યાં શીફ્ટ કરવા આયોજન હાથ ધરવામાં આવ્યું છે. તથા સ્વૈચ્છિક સંસ્થાના પદાધિકારીઓ સાથે મુલાકાત કરીને આ અંગેનું આયોજન હાથ ધર્યું છે.

માર્કેટ યાર્ડ હાપા

જુવાર	૯૦૦	૮૨૫
બાજરો	૪૫૦	૫૨૫
ઘઉં	૪૮૦	૫૬૫
મગ	૧૨૦૦	૧૭૦૦
તુવેર	૯૫૦	૧૨૦૦
ચોળી	૬૫૦	૯૦૦
સફેદ ચણા	૧૭૦૦	૧૯૧૫
ચણા	૧૧૦૦	૧૩૧૮
મગફળી જીણી	૯૫૦	૧૧૭૦
એરંડા	૧૦૦૦	૧૧૫૮
તલસફેદ	૨૩૦૦	૨૪૯૦
રાયડો	૧૦૦૦	૧૦૫૪
લસણ	૬૦૦	૩૧૧૫
કપાસ	૯૦૦	૧૫૬૦
જીરૂ	૩૬૦૦	૫૨૯૫
અજમા	૨૨૪૦	૨૯૯૦
અજમાભૂસી	૫૦	૨૭૦૦
ધાણા	૧૧૧૧	૧૩૫૫
ડુંગળી	૧૦૫	૬૧૦
સીંગદાણા	૧૧૦૦	૧૭૦૦
સોયાબીન	૮૫૦	૧૨૫